ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

ખૂબ જરૂરી/મુદતબંધી

પરિપત્ર

વિષયઃ- ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાઈનીઝ માંજા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેટ દોરીનું ઉત્પાદન, વેંચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબત.

સંદર્ભઃ- ૧. સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંકઃHD/MIS/e-file/8/2025/0778/SB2, Dt.17-09-2025.
૨. જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીના પત્ર ક્રમાંકઃએમએજી/સી/ઉત્તરાયણ/સૂચના/ઈ-૨૨૧૬૫૫/૨૦૨૫, તા.૨૯/૦૯/૨૦૨૫.
3. સરકારશ્રીના ગૃહ વિભાગના ઇ-મેઈલ પત્ર તા.૧૩/૧૧/૨૦૨૫ તથા સામેલ થઈ આવેલ પત્ર નં.HD/0404/11/2025, Dt.13/11/2025.
૪. જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જૂનાગઢના પત્ર ક્રમાંકઃ નં.એમએજી/સી/ઉત્તરાયણ/ઈ-૨૫૨૩૫૨/૨૦૨૫.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ/તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ-૩ હેઠળના સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૩/૧૧/૨૦૨૫નાં પત્ર તથા જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જૂનાગઢનાં સંદર્ભ-૪ હેઠળના પત્ર અનુસંધાને જણાવવાનું કે, ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી અંગે સરકારશ્રી કક્ષાએથી સંદર્ભ-૧ હેઠળના પરિપત્રથી થઈ આવેલ સૂચનાઓ અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જૂનાગઢનાં સંદર્ભ-૨ હેઠળના પત્રથી જરૂરી કાર્યવાહી અને અમલવારી અર્થે જાણ કરવામાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રીના ગૃહ વિભાગના ઉપરોક્ત તા.૧૩/૧૧/૨૦૨૫નાં પત્રથી સરકારશ્રી દ્વારા પરિપત્રિત સૂચનાઓ અનુસંધાને તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીની નિયત પત્રકો (એનેક્ષર-૧ થી ૬) મુજબની માહિતી મોકલી આપવા સૂચનાઓ થઈ આવેલ છે. જેની વિગતે ઘટતી કાર્યવાહી થવા તથા જનજાગૃતિ માટે થયેલ કાર્યવાહીની વિગતો/અહેવાલ તથા નિયત પત્રક-IV મુજબની માહિતી મુદ્દામ/કચેરીના ઈ-મેઈલ (home-jun@gujarat.gov.in)/(collector-jun@gujarat.gov.in) પર મોકલી આપવા વિનંતી છે.

કુલસચિવ

બિડાણઃ- -સંદર્ભદર્શિત પત્રોની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૦૩/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૧/૧૧/૨૦૨૫

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓ તરફ....

નકલ સાદર રવાનાઃ-
- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-
- આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

જિલ્લા મેજિસ્ટ્રેટ ની કચેરી

સરદારબાગ પાછળ, શશીકુંજ સામે, જૂનાગઢ-૩૬૨૦૦૧

ફોન નં.૦૨૮૫-૨૬૩૪૦૮૮ ઈ-મેઈલ: home-jun@gujarat.gov.in

---

**<u>ખુબ જરૂરી / મુદ્દતબંધી</u>**

નં.એમએજી/સી/ઉત્તરાયણ/ઇ-૨૫૨૩૫૨/૨૦૨૫

પ્રતિ,

(૧) કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢ

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ

(૩) રજીસ્ટ્રારશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ

(૪) રજીસ્ટ્રારશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(૫) જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ

(૬) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ

(૭) નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ

(૮) ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, તમામ (જુનાગઢ જિલ્લો)

વિષય - ચાઇનીઝ તુકકલ / લેન્ટર્ન તથા ચાઇનીઝ માંજા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેટ દોરીનું ઉત્પાદન, વેંચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબત.

સંદર્ભ - ૧. સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, Dt.17-09-2025

૨. આ કચેરીના પત્ર ક્રમાંક: એમએજી/સી/ઉત્તરાયણ/સૂચના/ઇ-૨૨૧૬૫૫/૨૦૨૫, તા.૨૯.૦૯.૨૦૨૫

૩. સરકારશ્રીના ગૃહ વિભાગના ઇ - મેઇલ પત્ર તા.૧૩.૧૧.૨૦૨૫ તથા સામેલ થઇ આવેલ પત્ર નં. HD/0404/11/2025, Dt.13.11.2025

---

ઉપરોકત વિષય સંદર્ભ-૩ હેઠળના સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૩.૧૧.૨૦૨૫ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલતાં જણાવવાનું કે,

ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા , ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી અંગે સરકારશ્રી કક્ષાએથી સંદર્ભ – ૧ હેઠળના પરિપત્રથી થઇ આવેલ સૂચનાઓ અનુસંધાને આ કચેરીના સંદર્ભ – ૨ હેઠળના પત્રથી જરૂરી કાર્યવાહી અને અમલવારી અર્થે જાણ કરવામાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રીના ગૃહ વિભાગના ઉકત તા.૧૩.૧૧.૨૦૨૫ ના પત્રથી સરકારશ્રી દવારા પરિપત્રિત સૂચનાઓ અનુસંધાને તા.૧૭.૦૯.૨૦૨૫ થી તા.૨૦.૧૧.૨૦૨૫ સુધીની નિયત પત્રકો (એનેકસર – ૧ થી ૬) મુજબની માહિતી મોકલી આપવા સૂચનાઓ થઇ આવેલ છે જે વિગતે ઘટિત કાર્યવાહી થવા તથા જનજાગૃત્તિ માટે થયેલ કાર્યવાહીની વિગતો / અહેવાલ તથા નિયત પત્રક – IV મુજબ ની માહિતી તા.૨૧.૧૧.૨૦૨૫ ના રોજ ૧૦.૩૦ કલાકે મળે તે રીતે મુદામ / આ કચેરીના ઇ – મેઇલ (home-jun@gujarat.gov.in) / (collector-jun@gujarat.gov.in) પર મોકલી આપવા વિનંતી છે.

બિડાણ :- ઉપર મુજબ

( બી. એસ. બારડ )
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જૂનાગઢ જિલ્લો જૂનાગઢ

Signature Not Verified
Signed by : B S Barad
Additional Collector
Collector Office, JUNAGADH
Date : 2025.11.19 18:26:12 IST

File No: JNH/MAG/e-file/448/2024/4137/Home
Approved By: Additional Collector,Account,JNH

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

# Fw: તાત્કાલિક : અગત્યનુ : હાઈકોર્ટ મેટર : ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી અંગે.

Anil Ranavasiya, IAS

Thu 13-11-2025 01:35 PM

To:home-jun <home-jun@gujarat.gov.in>;

1 attachments (381 KB)

letter 13112025.pdf;

---

**From:** Dhara Brahmbhatt (GoG-Home Dept.)
**Sent:** Thursday, November 13, 2025 1:34 PM
**To:** Shri Vikas Sahay IPS; allcp; collectorsguj; racgujarat
**Cc:** Shraddha Parmar (GoG-Home Dept.)
**Subject:** તાત્કાલિક : અગત્યનુ : હાઈકોર્ટ મેટર : ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી અંગે.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે ગૃહ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૫ તથા તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્ર : HD/MIS/e-file/8/2025/0778/SB2 (નકલ સામેલ છે) થી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, નિયત કરતાં વધારે ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબતે સૂચના આપવામાં આવેલ છે.

૨. ઉક્ત બાબતે જણાવવાનું કે, સદરહુ પરિપત્રની સૂચના અનુસંધાને તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીની આ સાથે સામેલ પત્રકો(એનેક્ષર : ૧ થી ૬) મુજબની જિલ્લાવાર માહિતી તા.૨૧/૧૧/૨૦૨૫ના રોજ સવારે સમય-૧૩:૦૦ કલાક સુધીમાં ગૃહ વિભાગને અચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે.

Home-c
Ing
૧૯/૧૧/૨૫

# ગુજરાત સરકાર

ક્રમાંક : HD/MSC/e-file/8/2025/6261/SB2
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.:
Email : so-sb2-home@gujarat.gov.in

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

વિષય : ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી અંગે.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે ગૃહ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૫ તથા તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્ર : HD/MIS/e-file/8/2025/0778/SB2 (નકલ સામેલ છે) થી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, નિયત કરતાં વધારે ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબતે સૂચના આપવામાં આવેલ છે.

૨. ઉક્ત બાબતે જણાવવાનું કે, સદરહુ પરિપત્રની સૂચના અનુસંધાને તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીની આ સાથે સામેલ પત્રકો(એનેક્ષર : ૧ થી ૬) મુજબની જિલ્લાવાર માહિતી તા.૨૧/૧૧/૨૦૨૫ના રોજ સવારે સમય-૧૩:૦૦ કલાક સુધીમાં ગૃહ વિભાગને અચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે.

આપની વિશ્વાસુ,

(ધારા બ્રહ્મભટ્ટ)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

બિડાણ : ઉપર મુજબ

નકલ જરૂરી કાર્યવાહી સારૂ રવાના :

- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.
- સર્વે પોલીસ કમિશનરશ્રી.
- સર્વે પોલીસ અધીક્ષકશ્રી.

## Annexure: I

ચાઈનીઝ માંઝા/ગ્લાસ કોટેડ થ્રેડ(ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્રથી બાકાત રાખેલ તે સિવાય)/પ્લાસ્ટિક થ્રેડ વિથ સિન્થેટીક કોટીંગ/ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન અંગેના જાહેરનામાની તારીખ અને સમયગાળા સહીતની વિગત

| અ.નં. | શહેર/જીલ્લાનું નામ | હાલમાં અમલમાં હોય તે જાહેરનામા ક્રમાંક અને તારીખ |
|---|---|---|
| | | |

## Annexure: II

ચાઈનીઝ માંઝા/ગ્લાસ કોટેડ થ્રેડ(ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્રથી બાકાત રાખેલ તે સિવાય)/પ્લાસ્ટિક થ્રેડ વિથ સિન્થેટીક કોટીંગ/ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્નના ઉત્પાદન/સંગ્રહ/વેચાણ/ વપરાશ કરનારા ઈસમો પર થયેલ F.I.R. ની વિગત

| અ.નં. | શહેર/જીલ્લા | તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધી દાખલ થયેલ F.I.R.ની સંખ્યા (ફક્ત આંકડાકીય માહિતી) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ફક્ત જાહેરનામાં ભંગના કેસો BNS 223 | BNS 223 with the Prevention of Cruelty of Animal Act, 1960 | BNS 223 with the Wildlife (Protection) Act, 1972 | BNS 223 with the Environment (Protection) Act, 1986 | Total |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

## Annexure: III

તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાઈનીઝ માંઝા/ગ્લાસ કોટેડ થ્રેડ(ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્રથી બાકાત રાખેલ તે સિવાય)/પ્લાસ્ટિક થ્રેડ વિથ સિન્થેટીક કોટીંગ/ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્નના ઉત્પાદન/સંગ્રહ/વેચાણ/ વપરાશ કરનારા ઈસમો પર થયેલ કાર્યવાહી

| અ.નં. | શહેર/જીલ્લા | જુદી જુદી પ્રવૃત્તિ કરનાર વિરૂધ્ધ દાખલ કરેલ ગુનાઓની સંખ્યા | | | પકડાયેલ જથ્થો અને તેની કિંમત | અટક કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | ઉત્પાદન | સંગ્રહ અને વેચાણ | ઉપયોગ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

## Annexure-IV

જન જાગૃત્તિ માટે કરેલ કાર્યવાહી (તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫)

| અ.નં. | શહેર/જીલ્લો | જન જાગૃત્તિ અંગે કરેલ કાર્યક્રમની વિગત (આંકડાકીય માહિતી) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | જન જાગૃત્તિ સભાઓ | જાહેર સમાચારપત્રોમાં જાહેરાત | Electronic Media માં Interview | Social Media Post | ભાડાની લીધેલ ઓટોરીક્ષા/અન્ય વાહનો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

## Annexure-V

તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાઈનીઝ માંઝા/ગ્લાસ કોટેડ થ્રેડ(ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્રથી બાકાત રાખેલ તે સિવાય)/પ્લાસ્ટિક થ્રેડ વિથ સિન્થેટીક કોટીંગ/ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્નના ઉપયોગ કરવાથી ઘાયલ/મૃત્યુ પામેલ પશુ-પક્ષીઓની માહિતી

| અ.નં. | શહેર/જીલ્લા | ઘાયલ/મૃત્યુ પામેલ પશુ-પક્ષીઓની સંખ્યા | | | | ઘાયલ/મૃત્યુ પામેલ પશુ-પક્ષીઓ સંબંધે કરવામાં આવેલ કાર્યવાહીની ટૂંકી વિગત |
|---|---|---|---|---|---|---|
| | | પશુ | | પક્ષી | | |
| | | ઘાયલ | મૃત્યુ | ઘાયલ | મૃત્યુ | |
| | | | | | | |

## Annexure-VI

ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ ગ્લાસ કોટેડ થ્રેડ(ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્રથી બાકાત રાખેલ તે સિવાય)/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચાણને અટકાવવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો

| અ.નં. | શહેર/જીલ્લા | ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ગ્લાસ કોટેડ થ્રેડ(ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્રથી બાકાત રાખેલ તે સિવાય)ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચાણને અટકાવવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો (સમગ્ર કાર્યવાહીને આવરી લેતી ટૂંકી વિગત) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | |

ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

તા.

પરિપત્ર :

આથી, પરિપત્રિત કરવામાં આવે છે કે, નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૫ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી(જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

1. આર્થિક ફાયદા સારુ માનવ તથા પશુ – પક્ષીઓને હાનિ થાય અને જીવનુ જોખમ વધે અથવા તો મૃત્યુ થાય દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં "પ્રતિબંધિત સાધનસામગ્રી"નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતુ હોવાથી આ અંગે શહેરી વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રી દ્વારા તથા જિલ્લા વિસ્તારમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા કાયદામાં આપેલ જોગવાઇ મુજબનું પ્રતિબંધિત જાહેરનામું દર વર્ષે પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
2. આવું જાહેરનામું દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી તથા ઉત્તરાયણના તહેવાર દરમિયાન દરવર્ષે નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી અમલમાં રહે તે રીતે બહાર પાડવાનું રહેશે તથા જનજાગૃતિના નીચે મુજબના કાર્યક્રમો ઉક્ત

સમયગાળા દરમિયાન સતત થતાં રહે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

3. "પ્રતિબંધિત સાધનસામગ્રી"ના ઉપયોગથી મિલકત, માનવજીવ તથા પશુ-પક્ષીઓને શારીરિક ઈજાઓ થતી હોય છે અને તે જીવલેણ પણ બની શકે છે. તે માટે જનજાગૃત્તિ લાવવા તથા ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે Print / Electronic/ Social Media માં Awareness Campaign કરવાનું રહેશે અને આ અંગે અંગ્રેજી/ગુજરાતી સમાચારપત્રોમાં જનજાગૃત્તિ માટેની જાહેરાતો પ્રસિધ્ધ કરવાની રહેશે.

A. સ્થાનિક કક્ષાએ વેપારીઓ/લારી ગલ્લાવાળાઓ/નાના વેપારીઓનો સંપર્ક કરી, તેમને "પ્રતિબંધિત સાધનસામગ્રી" વિશે જરૂરી સમજ આપવાની રહેશે.

B. મોટા પ્રમાણમાં પતંગો ઉડતાં હોય તેવા વિસ્તારોમાં PCR Vans/Police Patrol Teams/SHE Team/ Autorickshaw મારફતે Public Address System (PAS)નો મહત્તમ ઉપયોગ કરી Recorded Audio Messages અન્વયે Public Announcements કરવાની રહેશે.

C. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી / તાલુકા શિક્ષણાધિકારી તથા શાળા/યુનિવર્સિટીના સત્તાધિશોનો સંપર્ક કરી, વિદ્યાર્થી સમુદાયમાં "પ્રતિબંધિત સાધનસામગ્રી"ની હાનીકારકતા અંગે જાગૃતી લાવવા તથા "પ્રતિબંધિત સાધનસામગ્રી"નો ઉપયોગ કરવો ગુનો બને છે તેની સમજ આપવા માટે કાર્યક્રમો યોજવાના રહેશે.

D. જીવદયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય તેવી તથા અન્ય બિન-સરકારી સેવા સંસ્થાઓ (NGO)નો અગાઉથી સંપર્ક કરી, જન જાગૃતી કાર્યક્રમો યોજવાના રહેશે.

E. જાહેર સ્થળો પાસે, ભીડ ભાડ વાળી જગ્યાએ કે જયાંથી વધુ લોકો સુધી સંદેશો પહોંચાડી શકાય તેવા સ્થળોએ લાગેલ LED Screens પર "પ્રતિબંધિત સાધનસામગ્રી"ની હાનીકારકતા અંગે જાગૃતી-સંદેશાઓ નિયમિત અંતરાલે પ્રસારીત થતાં રહે તે માટે સંબંધિત ઓથોરીટી/એજન્સી સાથે સંકલન કરવાનું રહેશે.

F. "પ્રતિબંધિત સાધનસામગ્રી"ની હાનિકારકતા અંગે Audio-Visual Messages તૈયાર કરી તેને સ્થાનિક Cable TV systems, અન્ય Electronic Media અને Social Mediaના માધ્યમથી Public Awareness માટે પ્રસારિત કરવાનું રહેશે.

4. "પ્રતિબંધિત સાધનસામગ્રી"ના ગેરકાયદેસર ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ અંગે દાખલ થયેલ પ્રથમ માહિતી અહેવાલ (FIR) અંગેની તપાસ દરમ્યાન આ પ્રતિબંધિત વસ્તુઓનું ઉત્પાદન સ્થળ, તેનો પુરવઠો (supply) આપનાર સમગ્ર Supply Chain સાથે સંકળાયેલ ઇસમોની ઓળખ કરી તેમની ભુમિકા બાબતે આરોપીઓની પુછપરછ કરવી. પુછપરછ દરમ્યાન મળેલ બાતમીના આધારે ઉત્પાદકો અને supply chain સાથે

સંકળાયેલ ઈસમો ઉપર છાપા મારી ઉત્પાદન/વેચાણ બંધ થાય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

5. પોલીસ સ્ટેશન વિસ્તારોમાં "પ્રતિબંધિત સાધનસામગ્રી"ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ અંગે સ્થાનિક કક્ષાએથી ગુપ્ત માહિતી મેળવી, શંકાસ્પદ સ્થળોએ છાપા મારવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

6. ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા "પ્રતિબંધિત સાધનસામગ્રી"ના વેચાણને અટકાવવા અંગે અસરકારક કાર્યવાહી કરવાની રહેશે.

7. તપાસ દરમ્યાન "પ્રતિબંધિત સાધનસામગ્રી" ને રાજ્ય બહારથી કે દેશ બહારથી આયાત થયેલાનું ધ્યાનમાં આવે તો આ અંગે Customs & Central Excise અથવા GST (State) અથવા GST (Central) વગેરે વિભાગો સાથે સંકલન કરી, ઉકત "પ્રતિબંધિત સાધનસામગ્રી"ઓ રાજયમાં પ્રવેશ કરી ન શકે તે માટે સજાગ રહી અગમચેતી પગલા ભરવાના રહેશે.

8. સીટી/ જિલ્લા પોલીસ કન્ટ્રોલ રૂમ ખાતે હેલ્પ ડેસ્ક કાર્યરત કરી P.I./P.S.I./A.S.I. કક્ષાના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓને 24x7 ઉપસ્થિત રહી, "પ્રતિબંધિત સાધનસામગ્રી"ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ કે વપરાશની ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે જાગૃત નાગરિકો તરફથી Dial 112 ઉપર મળતી ફરિયાદો/બાતમીને એક અલગ રજીસ્ટરમાં નોંધી, સંબંધિત પોલીસ સ્ટેશન/Field Teams/PCR Van મારફતે કાર્યવાહી કરાવી, કરેલ કાર્યવાહીની નોંધ સંબંધિત રજીસ્ટરમાં કરાવવા અંગેની આંતરિક વ્યવસ્થા કરવી. જે બાબતે સંબંધિત પોલીસ કમિશનરશ્રી/ પોલીસ અધીક્ષકશ્રીએ દરરોજ રજીસ્ટરની ચકાસણી કરી, મળેલ ફરિયાદો/બાતમી અને થયેલ પોલીસ કાર્યવાહીની સમીક્ષા કરવા તથા પોલીસ સ્ટેશન/Field Teams/PCR Van ને જરૂરી સૂચના-માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે.

આ તમામ સૂચનાઓ અંગેની અમલવારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યએ તેમના વડપણ હેઠળ જિલ્લા /શહેર વહીવટીતંત્ર સાથે યોગ્ય સંકલનમાં રહીને બિનચૂક કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડૉ. હર્ષિત ગોસાવી, IAS)
સંયુકત સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના:

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
- સર્વે પોલીસ અધીક્ષકશ્રી.
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.

Signature Not Verified

Signed by:Dr.Harshit P Gosavi
Joint Secretary
Date:2025.09.17
19:32:31 +5:30

ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

તા. 07 NOV 2025

વંચાણે લીધા :

(૧) નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં થયેલ નામ. કોર્ટનો તા.૧૩/૦૧/૨૦૧૭નો હુકમ.

(૨) ગૃહ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૫નો સમાનાંકી પરિપત્ર

(૩) નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં થયેલ નામ. કોર્ટનો તા.૧૦/૧૦/૨૦૨૫નો હુકમ.

પરિપત્ર :

નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી(જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ બાબતે ગૃહ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૫ના સમાનાંકી પરિપત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. જે પરિપત્ર સંબંધમાં નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૦/૧૦/૨૦૨૫ના હુકમ અન્વયે નીચે મુજબ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે :

સ્પષ્ટીકરણ :

"પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન

કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી વાપરી શકાશે."

૨. વધુમાં, ગૃહ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૫ના સમાનાંકી પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રાખવામાં આવે છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩. આ તમામ સૂચનાઓ અંગેની અમલવારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યએ તેમના વડપણ હેઠળ જિલ્લા /શહેર વહીવટીતંત્ર સાથે યોગ્ય સંકલનમાં રહીને બિનચૂક કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(નિતિન સાંગવાન, IAS)
સંયુક્ત સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના:

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
- સર્વે પોલીસ અધીક્ષકશ્રી.

નકલ રવાના :

- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.